જિલ્લા નાયબ નિયામક, વિકસતી જાતિની કચેરી,
જિલ્લાસેવાસદન-૨, જી-૬, એનેક્ષી બિલ્ડીંગ, ભાવનગર
ફોનનં.(૦૨૭૮) ૨૪૨૨૬૯૬ ઈ-મેઈલ : dydir-dc-sw-bav@gujarat.gov.in

નં.વિજાક/લઘુ.પોમેસ્કો./૨૦૨૨-૨૩/ તા.૦૧/૦૮/૨૦૨૨

નેશનલ સ્કોલરશીપ પોર્ટલ અગત્યનું/સમયમર્યાદા

પરીપત્ર

**વિષય : વર્ષ ૨૦૨૨-૨૩ માં ભારત સરકારની લઘુમતી જાતીની શિષ્યવૃત્તિ માટે National Scholarship Portal (2.0) માં શાળા/કોલેજ/સંસ્થા કક્ષાએ કરવાની થતી કામગીરી બાબત.**

**સંદર્ભ : માન. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખતુ, ગાંધીનગર ગુ.રા. ના પત્ર ક્રમાંક /વિજાક /શિક્ષણ/૨૦૨૨-૨૩/૭૦૧-૭૩૩,તા.૨૯/૦૭/૨૦૨૨**

ભારત સરકાર ધ્વારા જાહેર કરવામાં આવેલ લઘુમતિ જાતિ જેવી કે, મુસ્લીમ, ખ્રિસ્તી, શીખ, બૌધ્ધ, પારસી, જૈન જાતિના ફ્રેશ વિધાર્થીઓ તેમજ રીન્યુઅલ વિધાર્થીઓ પાસેથી વર્ષ ૨૦૨૨-૨૩માં શિષ્યવૃત્તિ મેળવવા ONLINE અરજીઓ મંગાવવામાં આવે છે. આ અરજીઓ ONLINE રજુ કરવાની હોય વિદ્યાર્થીઓ દ્વારા www. scholarships. gov.in વેબસાઈટ પર જઇ અરજી કરવાની રહેશે.

ફ્રેશ અને રિન્યુઅલ વિદ્યાર્થીઓ માટે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ માટે તા.૩૦-૦૯-૨૦૨૨, તેમજ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ, અને મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિ માટે તા.૩૧/૧૦/૨૦૨૨ છે. તથા જે તે શાળા/કોલેજ/ સંસ્થાઓના Login માં આવેલ Final Submit થયેલ અરજીઓની શાળા/કોલેજ/સંસ્થાઓએ Verification કરવાની પ્રક્રિયા પ્રિ-મેટ્રીક માટે તા.૧૬-૧૦-૨૦૨૨, તેમજ પોસ્ટ મેટ્રીક અને મેરીટ કમ મીન્સ માટે તા.૧૫-૧૧-૨૦૨૨ સુધીમાં એક પણ અરજી Pending ન રહે તેની તકેદારી રાખવાની રહેશે. તેમજ Institute Nodal Officer દ્વારા અંતિત તારીખ પહેલા જો કોઇ વિદ્યાર્થીઓની અરજીઓ ઓનલાઇન Verify કરવાની બાકી રહી જશે અને જો તેવા વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિથી વંચિત રહી જશે તો તેની સંપુર્ણ જવાબદારી જે તે શાળા/કોલેજ/સંસ્થાઓ ના Institute Nodal Officer અને આચાર્યશ્રીની રહેશે.

ઉક્ત સુચનાઓ તથા બિડાણમાં આપેલ તમામ ચુચનાઓનું ચુસ્તપણે અમલ કરવાનું રહેશે.

જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિ ભાવનગર

બિડાણ -
(૧) ન્યુ રજીસ્ટ્રેશન ઓફ ઇન્સ્ટીટ્યૂટ ફોર્મ.
(૨) યોજનાની શરતો.
(૩) લઘુમતીના વિદ્યાર્થીઓ માટે ધ્યનમાં રાખવાની બાબતો.
(૪) શાળા/કોલેજ/સંસ્થાકક્ષાએ કરવાની થતી કામગીરી:

પ્રતિ,
(૧) કુલપતિશ્રી, એમ.કે.ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર. મારફત.
આચાર્યશ્રી, ..........................માધ્યમિક શાળા, મુ. ............................................
(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બહુમાળીભવન, ભાવનગર મારફત,
આચાર્યશ્રી, ..........................માધ્યમિક શાળા, મુ. ............................................
(૩) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી, જિલ્લા પંચાયત, ભાવનગર મારફત,
આચાર્યશ્રી, ......................................પ્રાથમિક શાળા, મુ. ..........................
(૪) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી, તાલુકા પંચાયત, ................મારફત,
આચાર્યશ્રી, ......................................પ્રાથમિક શાળા, મુ. ..........................
(૫) આચાર્યશ્રી, નોડલ આઇ.ટી.આઇ. વિદ્યાનગર, ભાવનગર મારફત.
આચાર્યશ્રી, ..........................માધ્યમિક શાળા, મુ. ............................................
(૬) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, નવાપરા, ભાવનગર મારફત,
આચાર્યશ્રી, ......................................પ્રાથમિક શાળા, મુ. ..........................
(૭) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, બી.આર.સી.ભવન, મહુવા મારફત,
આચાર્યશ્રી, ......................................પ્રાથમિક શાળા, મુ. ..........................

નકલ સવિનય રવાના:
--/નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફ જાણ સારૂ....

લઘુમતીના વિદ્યાર્થીઓ માટેઃ-

(૧) પ્રિ-મેટ્રીક, પોસ્ટ મેટ્રીક અને મેરીટ કમ મીન્સ માટે **Online** ફોર્મ **scholarships.gov.in (N.S.P. 2.0)**પર ભરવાના રહેશે.

(૨) **Fresh**વિદ્યાર્થીઓએ નવુ રજીસ્ટ્રેશન કરી **GJ202122*********** વાળુ **ParmentID** મળે તેના આધારે નવુ ફોર્મ ભરી અરજી કરવાની રહેશે.

(3) વર્ષ ૨૦૨૦-૨૧ના વિદ્યાર્થીના બેન્ક ખાતામાં શિષ્યવૃત્તિ જમા થઇ હોય તેવા વિદ્યાર્થીઓએ ફરજીયાત **Renewal** અરજી પોતાના ગત વર્ષના **Parment ID** તથા જન્મ તારીખને પાસવર્ડ તરીકે ઉપયોગ કરીને કરવાની રહેશે.

(૪) **જુના(Renewal) વિદ્યાર્થીઓ પોતાની ગત વર્ષની અરજીઓ ID નો ઉપયોગ કરીને અરજી કરીને અરજી કરી શકશે ગત વર્ષે ONLINE અરજી કરેલ હોય અને શિષ્યવૃતિ મંજુર થયેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ જો જે તે અભ્યાસક્રમ ચાલુ હોય તો વર્ષ 2020-21 મા નવા(FRESH) તરીકે ONLINEઅરજીકરવાની રહેશે.**

(૫) જે વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની રકમ ૫૦૦૦૦/- થી ઓછી હોય તેવા(પ્રિ-મેટ્રીક/પોસ્ટ મેટ્રીક) ના અરજદારે સાધનિક પુરાવા Upload કરવાના થતા નથી પરતું Bonafide Student Certificate upload કરવાનું રહેશે તેમજ Online Submit કરેલ અરજીની નકલ સાથે ડોમીસાઈલ સર્ટીફીકેટ/ રેશનકાર્ડ / લાઈટબીલ તથા અન્ય જરૂરી સાધનિક પુરાવા શાળા/કોલેજ/સંસ્થા લેવલે હાર્ડકોપી જમા કરવાની રહેશે.

(૬) જે વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની રકમ ૫૦૦૦૦/- થી વધુ હોય તેવા (મેરીટ કમ મીન્સ) વિદ્યાર્થીઓએ Online Submit કરેલ અરજીની નકલ સાથે ફરજીયાત ડોમીસાઈલ સર્ટીફીકેટ તથા અન્ય લાગુ પડતા સાધનિક પુરાવા પોર્ટલ પર અપલોડ કરવાના તેમજ શાળા/કોલેજ/સંસ્થા લેવલે હાર્ડકોપી જમા કરવાની રહેશે.

(૭) પ્રિ-મેટ્રીક, પોસ્ટ મેટ્રીક અને મેરીટ કમ મીન્સ ના વિદ્યાર્થીઓ ફોર્મ ભરતી વખતે જ્યારે Scheme Details માં આપેલ કોઈપણ એક Scheme select કરે છે ત્યારે upload documents માં Bonafide Student of Institution માં આપેલા Download Option પર click કરવાથી Bonafide Student Certificate, વિદ્યાર્થીનું નામ, જન્મ તારીખ, શાળા/કોલેજ/સંસ્થાના નામ સાથેની વિગત સાથે System દ્વારા Bonafide Certificate Generate થશે, આ Certificate ની પ્રિન્ટ લઇ વિદ્યાર્થીએ તેનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોટાડી સંલગ્ન શાળા/કોલેજ/સંસ્થાના સક્ષમ અધિકારીના સહિ-સિક્કા કરાવીને વિદ્યાર્થીએ તે Bonafide Student Certificate ને ફોર્મ ભરતી વખતે ફરજીયાત upload કરવાનું રહેશે તેમ કર્યા બાદ જ જે તે વિદ્યાર્થીએ Final Submit કરવાનું રહેશે.

ઉપરોક્ત આધાર પુરાવાઓમાં કોઈ વિદ્યાર્થી/પિતા વાલી તરફથી ખોટી માહિતી પુરી પાડવામાં આવશે અને સરકારશ્રીના ધ્યાન પર આવ્યેથી અલ્પ સંખ્યક કાર્ય મંત્રાલય, નવી દિલ્હીની સુચના મુજબ તેઓ પર કાયદાકીય પગલા લેવામાં આવશે.

યોજનાની શરતો -

(૧) ભારતમાં અભ્યાસ કરતાં (માન્ય સંસ્થામાં) ઉપર જણાવેલ ધાર્મિક લઘુમતીના વિદ્યાર્થીઓને જ આ શિષ્યવૃત્તિ મળવાપાત્ર છે.

(૨) વિદ્યાર્થીએ છેલ્લી વાર્ષિક પરીક્ષામાં ૫૦% થી ઓછા ગુણ મેળવેલ ન હોવા જોઈએ. (Covid-19 વાઇરસની પરીસ્થિતીએ જો કોઇ શાળાઓએ Mass Promotion આપેલ હોય તો તેવી શાળાઓના વિદ્યાર્થીઓએ તેમને સંલગ્ન શાળાઓમાંથી Percentage ના સ્વરૂપમાં Result મેળવી Form ભરવાનુ રહેશે.)

(૩) વિદ્યાર્થીઓની પસંદગી ચુસ્ત રીતે ગુણવત્તાના ધોરણે જ કરવામાં આવશે. ભારત સરકાર દ્વારા નવા(FRESH) અરજીઓ માટે ફાળવવામાં લક્ષ્યાંક મુજબ મેરીટના ધોરણે ઓટોમેટીક SOFTWARE દ્વારા મેરીટ જનરેટ કરવામાં આવશે.

(૪) અન્ય શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મેળવેલ વિદ્યાર્થીને આ યોજનાનો લાભ મળી શકશે નહી.

(૫) વિદ્યાર્થીના માતા-પિતા/વાલીની આવકના બધા સાધનોમાંથી મળીને કુટુંબની કુલ વાર્ષિક આવક પ્રિ-મેટ્રિક માં રૂ. ૧.૦૦ લાખથી વધુ ન હોવી જોઈએ, પોસ્ટ-મેટ્રિક માં રૂ. ૨.૦૦ લાખથી વધુ ન હોવી જોઈએ અને મેરીટ કમ મીન્સ માં રૂ. ૨.૫૦ લાખથી વધુ ન હોવી જોઈએ.

(૬) ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીઓ દ્વારા Fee ની વિગત વિધ્યાર્થીઓ દ્વારા ભરવાની રહેતી નથી , તે વિગતો શાળા/કોલેજ/સંસ્થાઓ દ્વારા તેમની Profile માં Update કરેલ Fee ની વિગત ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીઓ દ્વારા પસંદ કરેલ કોર્ષ પ્રમાણે Automatic System દ્વારા લેવામાં આવશે, જેથી વિદ્યાર્થી Online ફોર્મ ભરવાની કાર્યવાહી કરે તે પેહલા જે તે શાળા/કોલેજ/સંસ્થાએ Fee ની વિગત ફરજિયાત Update કરવાની રહેશે.

(૭) ૩૦% શિષ્યવૃત્તિ વિદ્યાર્થીનીઓ (કન્યા) માટે અનામત રહેશે.

(૮) કુટુંબના વધુમાં વધુ બે વિદ્યાર્થીઓને આ શિષ્યવૃત્તિ મળવાપાત્ર રહેશે.

(૯) D.B.T દ્વારા મંજુર વિદ્યાર્થીઓની શિષ્યવૃતિ ભારત સરકારની ગાઇડલાઇન મુજબ આધાર બેઝ પેમેન્ટ દ્વારા સીધી બેંક એકાઉન્ટમાં જમા કરવાની થતી હોવાથી કોઇએ ખોટી વિગત ભરી હશે તો નામંજુર થવાને પાત્ર થશે.

(૧૦) ફોર્મમાં દર્શાવેલ અભ્યાસની માહિતી તથા બેંકની માહિતીમાં એકાઉન્ટ નંબર, IFSC CODE, ખાતેદારના નામમાં જો ક્ષતિ જણાશે તો તેની અરજી રદ પાત્ર ગણાશે.

(૧૧) વિધાર્થીઓ દ્વારા આપેલ બેંક Account શિષ્યવૃત્તિની પ્રક્રિયા દરમ્યાન બેંક ખાતુ Active રાખવાની જવાબદારી તથા મંજુર થયેલ શિષ્યવૃત્તિની રકમ SYSTEM દ્વારા જમા કરાવતી વખતે બેંક Account બંધ માલુમ પડશે તો તેની જવાબદારી જે તે વિધાર્થી/વાલીની રહેશે.

(૧૨) વિદ્યાર્થીઓને National Scholarship Portal માં એક જ વખત અરજી કરવા સુચના આપવામાં આવે છે, એક થી વધુ વખત કરેલી Fresh/Renewal અરજીઓ Portal દ્વારા રદ કરવામાં આવશે.